કાર્યપાલક ઈજનેર,
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન,
આદર્શભવનની બાજુમાં, અઠવાલાઈન્સ,
સુરત મહાનગરપાલિકા.

ફોન નંબર : ૨૬૬૩૦૪૯–૫૦
૨૬૬૭૯૨૬
મ્યુનિસિપલ ઝોન ઓફિસ, સુરત.

નં.સા.વે.ઝોન(અઠવા)/આ.૮૧૯૪
તારીખઃ–૩૧ / ૦૧ /૨૦૨૬

પ્રતિ,
..........................................
..........................................
..........................................
..........................................

વિષય : "સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો ૨૦૨૬" માં "પે એન્ડ પાર્ક" નો ઈજારો સોંપવા બાબત.

સંદર્ભ : સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૨૧૨/૨૦૨૫, તા.૦૩/૦૭/૨૦૨૫

મહાશય,

આથી જણાવવાનું કે સુરત મહાનગરપાલિકા તરફથી વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે ફેબ્રુઆરી ૨૦૨૬ માં તા.૨૦/૦૨/૨૦૨૬ થી તા.૨૫/૦૨/૨૦૨૬ દરમ્યાન "સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો ૨૦૨૬" નું આયોજન કરવામાં આવનાર છે. જેમાં "પે એન્ડ પાર્ક" નો કોન્ટ્રાકટ આપવામાં આવનાર છે. જે અંગે નીચે મુજબની શરતો ધ્યાને લઈ તા. ૦૭/૦૨/૨૦૨૬ સુધીમાં સીલબંધ કવરમાં ભાવપત્રક મોકલવાનું રહેશે.

## <u>સામાન્ય શરતો</u>

(૧) ઉપર જણાવેલ તારીખો મુજબ મેળાના કુલ–૬ (છ) દિવસ માટે ભાવ ભરવાના રહેશે. તેમજ મેળાનો સમય સવારે ૧૧.૦૦ કલાક થી રાત્રે ૧૦.૦૦ કલાક સુધીનો રહેશે.

(૨) જરૂરી લાયસન્સ લેવાની તથા સંલગ્ન ફી ભરવાની જવાબદારી જે તે કોન્ટ્રાકટરની રહેશે.

(૩) ઈજારદારે ભાવપત્રક સાથે બાનાની રકમ પેટે રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નો ડીમાન્ડ ડ્રાફટ કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકાના નામનો સામેલ કરવાનો રહેશે. બાનાની રકમ મેળો પૂર્ણ થવાના છેલ્લા દિવસ બાદ જ મળશે.

(૪) ભાવપત્રક પત્રક મંજુર થયેથી પુરેપુરી રકમ દિન–૭ (સાત) માં રોકડેથી/ડીમાન્ડ ડ્રાફટથી જમા કરાવવાની રહેશે.

(૫) કોઈપણ પ્રકારનો વિવાદ ઉભો થાય તો તે સંજોગોમાં કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાનો નિર્ણય આખરી ગણાશે.

(૬) અનિવાર્ય સંજોગોમાં મેળો રદ થાય તેવા સંજોગોમાં મહાનગરપાલિકા તરફથી કોઈપણ પ્રકારનું વળતર ચુકવવામાં આવશે નહીં.

(૭) જો કોઈ સંજોગોમાં નીયત કરવામાં આવેલ મેળાના દિવસોમાં વધારો કરવામાં આવે તો તે સંજોગોમાં મંજુર થયેલ ભાવપત્રકના પ્રો રેઈટા બેઝીઝ પ્રમાણે વધારાના દિવસોનું ભાડું દિન ૧ (એક) માં અત્રેની કચેરીએ અચુક જમા કરાવવાના રહેશે.

(૮) કોઈ પણ પ્રકારનું શરતી ભાવપત્રક ગ્રાહય રાખવામાં આવશે નહી.

(૯) ભરેલા ભાવપત્રકો સીલબંધ કવરમાં પરત તા.૦૭/૦૨/૨૦૨૬ ના રોજ સાંજના ૬.૦૦ કલાક સુધીમાં કાર્યપાલક ઈજનેરશ્રી, સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન ઓફિસ આદર્શ સોસાયટી, આદર્શભવનની બાજુમાં, સુરત ખાતે પહોંચાડવાના રહેશે. નિયત સમય બાદ આવેલ ભાવપત્રક ગણતરીમાં લેવામાં આવશે નહી.

(૧૦) આપશ્રી ધ્વારા **<u>GST RCM</u>** હેઠળ ટેક્ષની રકમ જમા કરાવશો તે મુજબનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

**શરતો :**

(૧) ઈજારદારે ગ્રાહકોના વાહનો સંભાળવાની જવાબદારી સ્વીકારી છે એમ સમજીને વાહનો ખોવાય જાય અથવા ચોરી થઈ જાય તો અથવા વાહનોને નુકશાન થાય તો ઈજારદાર તે માટે જવાબદાર રહેશે. સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૨) વાહન પાર્કિંગ સ્ટેન્ડ અંગેની સેવાઓ સામાન્ય રીતે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીના વખતો વખતના આદેશ પ્રમાણે મુકરર કરેલ ધોરણ મુજબ, મુકરર કરેલ દરે પુરી પાડવાની રહેશે. આ મુકરર કરેલું ભાવપત્રક ગ્રાહકો જોઈ શકે તે મુજબ દરેક પ્રવેશદ્વાર પાસે તેમજ પાર્કિંગમાં અન્ય જગ્યાઓ પર પાર્કિંગધારકોને દેખાઈ શકે તે રીતે સુરત મહાનગરપાલિકા સુચવે તે મુજબ પ્રદર્શીત કરવાનું રહેશે.

(૩) વાહન સ્ટેન્ડની કામગીરી અંગે જરૂરી સરકારી/અર્ધસરકારી અથવા મહાનગરપાલિકાના પરવાના ઈજારદારે મેળવી લેવાના રહેશે.

(૪) ડોકયુમેન્ટ ફી તથા બાનાની રકમનો ડીમાન્ડ ડ્રાફટ/પે ઓર્ડર/બેન્કર્સ ચેક સુરત ખાતે વટાવી શકાય તે મુજબનો સ્થાનિક રાષ્ટ્રીય / શીડયુલ બેંકનો મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરત નામનો હોવો જોઈએ. ડોકયુમન્ટ ફી તેમજ નિયત બાનાની રકમ (ઈ.એમ.ડી.) વગરનું કવર સ્વીકાર્ય ગણાશે નહી અને રદ થવાને પાત્ર રહેશે.

(૫) ઈજારદારે વાહનો સાચવવા પોતે અથવા તેઓએ અધિકૃત કરેલ વ્યકિતઓએ હાજર રહેવું પડશે.

(૬) ઈજારદાર તરફથી પે એન્ડ પાર્કની સેવાઓ પુરી પાડવા માટે રાખવામાં આવેલ તમામ માણસોને યુનિફોર્મ આપવાના રહેશે તથા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા માન્ય કરવામાં આવેલ નિયત ફોર્મમાં ઓળખપત્ર આપવાનું રહેશે. જે સંબંધિતે તેની ફરજ દરમિયાન જોઈ શકાય તેવી રીતે પ્રદર્શિત કરવાનું રહેશે. વધુમાં, પે એન્ડ પાર્કના સ્થળે પાર્કિંગની માહિતી/ભાવ/દર દર્શાવતા પોસ્ટર જરૂરિયાત મુજબ તેમજ આપવામાં આવતી સુચના મુજબ લગાડવાનાં રહેશે. તે સિવાયનાં કોઈ પોસ્ટર હોય તો ઈજારદારે દૂર કરવાનાં રહેશે.

(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તથા તેમના અધિકૃત અધિકારી આ શરતો ઉપરાંત વખતોવખત સુચવે તેવા સુધારા કે નવી શરતો ઈજારદારને માન્ય અને બંધનકર્તા રહેશે તેમજ તેનું પાલન ઈજારદારે વિના તકરારે કરવાનું રહેશે.

(૮) ઈજારદારનું ભાવપત્રક મંજુર થયેથી સફળ ઈજારદારની ઓફર મુજબની કુલ ટેન્ડર રકમ એટલે કે મંજુર થયેલ ઈજારાની ઓફર મુજબ ભરવાપાત્ર સમગ્ર સમયગાળા માટેની થતી પુરેપુરી ઓફર રકમનાં ૨% રકમ સીકયુરીટી ડીપોઝીટ તરીકે રોકડા/ ડીમાન્ડ ડ્રાફટ/ પે ઓર્ડર સુરત મહાનગરપાલિકાની કચેરીમાં જમા / ભરપાઈ કરવાના રહેશે.

સફળ ઈજારદારે મહાનગરપાલિકાની કચેરીમાં ઉપરોકત શરત માં જણાવેલ સીકયુરીટી ડીપોઝીટની રકમ જમા / ભરપાઈ કરવાની મુદત પાર્કિંગની કામગીરી સ્થળ ઉપર શરૂ કરવામાં આવેલ / થતી હોય તેવા કામ માટે વર્કઓર્ડર / એલોટમેન્ટ લેટરની તારીખથી દિન–૦૩(ત્રણ)ની રહેશે. ત્યારબાદ ૦.૦૬૫ % પ્રતિદિન વિલંબ પ્રમાણે પેનલ્ટી વસુલવામાં આવશે.

(૯) ઈજારદાર તરફથી મહાનગરપાલિકાની કચેરીમાં ઉપરોકત શરત નં.(૮) માં જણાવેલ સીકયુરીટી ડીપોઝીટની રકમ ઈજારો પૂર્ણ થયા બાદ ઈજારદાર તરફથી ઈજારાના સંચાલનની કામગીરી સંતોષકારક / ક્ષતિઓ રહિત યોગ્ય જણાયે મુકત કરવામાં આવશે.

(૧૦) ઈજારદારે ઓફર આપતા પહેલા પાર્કીંગ સ્ટેન્ડની જગ્યા તથા તેની હદ વિસ્તાર પુરેપુરો જોયો હોવાનું માની લેવામાં આવશે. પાછળથી આ બાબતે કોઈ તકરાર ચાલશે નહી.

(૧૧) પાર્કિંગ સ્ટેન્ડવાળી જગ્યા પર કોઈ ટેમ્પરરી કે પરમેનન્ટ શેડ / સ્ટ્રકચર ઈજારદાર બાંધી શકશે નહી. તથા જાહેરાત કરી શકશે નહી.

(૧૨) પાર્કિંગ સ્ટેન્ડનો સમય રાઉન્ડ ધ કલોક (૨૪ કલાક) સુધીનો રહેશે. અથવા પે એન્ડ પાર્કના લોકેશનની સ્થળ પરિસ્થિતિ મુજબનો રહેશે.

(૧૩) ઈજારો મંજુર થતાં ઈજારદારે તેમના રહેઠાણ તથા ધંધાના સ્થળનું પુરેપુરું ટપાલનું સરનામું, ફોન નંબર, ફેક્ષ નંબર, ઈ–મેઈલ એડ્રેસ વિગેરે વિગતો પુરી પાડવાની રહેશે તથા ભવિષ્યમાં તેમાં કોઈ ફેરફાર થાય તો તેની જાણ તાત્કાલિક સુરત મહાનગરપાલિકાને લેખિતમાં કરવાની રહેશે. ઈજારદારે જણાવેલ સરનામા ઉપર સુરત મહાનગરપાલિકા ધ્વારા જે કાંઈ પત્ર વ્યવહાર કરવામાં આવે તે ઈજારદારને મળ્યા બરાબર ગણાશે.

(૧૪) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તથા તેમનાં અધિકૃત અધિકારી જે – તે સમયે જણાવે / સુચવે તે મુજબ પાર્કિંગમાં આવવા તેમજ જવા માટેની એન્ટ્રી/એકિઝટ રાખવાની રહેશે.

(૧૫) અનિવાર્ય સંજોગોમાં જયારે ઈજારદારને કામગીરીમાં નડતરરૂપ થાય અને "પે એન્ડ પાર્ક" બંધ રહે અથવા સક્ષમ સત્તા ધ્વારા "પે એન્ડ પાર્ક" બંધ કરાવવામાં આવે ત્યારે કામગીરી બંધ થયાની/કર્યાની જાણ ઈજારદારે ૨૪(ચોવીસ) કલાકની અંદર ઝોનના સંબંધિત સ્ટાફને કરવાની રહેશે અને પાર્કિંગ બંધ રહે તે સમયગાળાના રેકોર્ડની ખરાઈ ઝોનના સંબંધિત સ્ટાફ પાસે ઈજારદારે કરાવવાની રહેશે. સ્થળ તપાસ કરી માન્ય રાખવામાં આવે તે પ્રમાણે પરવાના ફી માંથી રાહત/મજરે આપવામાં આવશે.

(૧૬) ઈજારદારે / પરવાનેદારે પે એન્ડ પાર્કના સંચાલન સારૂ પાર્કિંગ ચાર્જ / ફી માટેની રસીદ / ટોકન ઈશ્યુ કરવા માટે બજારમાં મળતા હાથ વડે સંચાલિત થઈ શકે તેવા ઈલેકટ્રોનીક સાધન / કોમ્પ્યુટર સ્થળ સ્થિતિ પ્રમાણે જરૂરીયાત મુજબની સંખ્યામાં, પોતાના ખર્ચે લાવવાના રહેશે તથા પે એન્ડ પાર્કમાં તેનો ઉપયોગ પાર્કિંગ ટીકીટ આપવા માટે કરવાનો રહેશે.

(૧૭) ઈજારદારે / પરવાનેદારે બજારમાં મળતા હાથ વડે સંચાલિત થઈ શકે તેવા ઈલેકટ્રોનીક સાધન / કોમ્પ્યુટરથી મળી શકે તેવી પાર્કિંગ ટિકિટ પે એન્ડ પાર્ક માં ઈશ્યુ કરવાની રહેશે. જેના માટેની રસીદ / ટિકિટ સીરીયલ નંબર સાથેની સ્વયં પાર્કિંગ ચાર્જ દર્શાવી શકે તેવી સ્ટેશનરી રાખવાની રહેશે. વાહન પાર્ક કરનારને આપવાની ટીકીટના ભાગમાં પે એન્ડ પાર્ક નું સ્થળ, ઈજારદારનું નામ, વાહનનો પ્રકાર, નંબર, આવવા–જવાનો સમય વિગેરે વિગત દર્શાવતી સ્વયં પાર્કિંગ ચાર્જ દર્શાવતી હોવી જરૂરી છે.

(૧૮) ઈજારદારે / પરવાનેદાર પે એન્ડ પાર્કમાં વાહન પાર્ક કરનારને હાથ વડે સંચાલિત ઈલેકટ્રોનીક સાધન / કોમ્પ્યુટરથી મળી શકે તેવી જ પાર્કિંગ ટિકિટ આપવાની રહેશે. વિપરિત / કાબુ બહારના સંજોગોમાં નિશ્ચિત સમયગાળા માટે અગાઉથી સુરત મહાનગરપાલિકાની લેખિતમાં પરવાનગી મેળવ્યા બાદ જ મેન્યુઅલ પાર્કિંગ ટિકીટનો ઉપયોગ કરવાનો રહેશે. અન્યથા શરત ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૯) ઈજારદારે / પરવાનેદારે પે એન્ડ પાર્કમાં હાથ વડે સંચાલિત થઈ શકે તેવા ઈલેકટ્રોનીક સાધન / કોમ્પ્યુટર બેઝડ સીસ્ટમનો ઉપયોગ કરવો ફરજીયાત છે અગર તો આવી કોઈ ઈલેકટ્રોનીકસ સિસ્ટમ દાખલ કરી શકે છે. (રસીદ / ફીઝીકલ મેન્યુઅલ રસીદના ઉપયોગ દરમિયાન થતી ગેરરીતી દુર કરવાનો હેતુ છે.)

(૨૦) સરકારશ્રીનાં ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૧૮/સીએમ–૪૧૯/પી, તા.૦૫/૧૨/૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ "પાર્કિંગ પોલીસી એન્ડ પાર્કિંગ બાયલોઝ" માં નિયત કરેલ ફી કરતાં વધુ ફી ઈજારદાર કોઈપણ સંજોગોમાં ઉઘરાવી શકશે નહી, અને જો તે અંગેની ફરિયાદ આવશે કે અત્રેના આકસ્મિક ચેકીંગ દરમિયાન જો ઈજારદાર મુકરર કરેલ ફી કરતાં વધુ ફી ઉઘરાવતા હોવાનું સાબિત થશે / માલુમ પડશે તેવા સંજોગોમાં નિયત કરેલ રકમ દંડ પેટે વસુલ લેવામાં આવશે.

(૨૧)ઈજારદાર / પરવાનેદાર પે એન્ડ પાર્કમાં શરતો / નિયમોનો ભંગ બદલ દર વખતે નીચે જણાવેલ વિગતે દંડને પાત્ર રહેશે. સદરહુ દંડ ઈજારદારે નોટીસ આપ્યાની તારીખથી દિન–૦૧(એક) માં ભરપાઈ કરવાનો રહેશે.

| અ. નં. | વિગત | દંડની રકમ રૂા. |
|---|---|---|
| ૧ | માણસો યુનિફોર્મ / ઓળખપત્રક વગરના હોવા માટે | રૂા.૧૦૦/– |
| ૨ | નિયત કરેલ / સુચવેલ જગ્યાએ મુકરર કરેલુ ભાવપત્રક પ્રદર્શીત નહી કરવા માટે | રૂા.૫૦૦/– |
| ૩ | સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય હાથ વડે સંચાલિત ઈલેકટ્રોનીક સાધન અગર કોમ્પ્યુટર સિસ્ટમ વગરની એટલે કે હાથથી બનાવવામાં આવતી પાવતી / મેન્યુઅલ રસીદ આપવા માટે | રૂા.૫૦૦/– |
| ૪ | ફરીયાદપોથી નહીં રાખવા માટે | રૂા.૧૦૦/– |
| ૫ | વાહનો શિસ્તબધ્ધ પાર્ક નહીં કરવા માટે | રૂા.૧૦૦/– |
| ૬ | પે એન્ડ પાર્ક માં વાહનો સાચવવા / તકેદારી રાખવા માટે પૂરતી સંખ્યામાં અધિકૃત માણસો નહીં રાખવા માટે | રૂા.૨૫૦/– |
| ૭ | મુકરર કરેલ પાર્કિંગ દર કરતા વધુ પાર્કિંગ ચાર્જ વસુલ કરવા માટે | રૂા.૨૫૦૦/– |
| ૮ | પાર્કિંગના સ્થળે સાફસફાઈ ન કરવા/રાખવા બદલ | રૂા.૫૦૦/– |
| ૯ | પાર્કિંગ સિવાયના અન્ય હેતુ માટે વપરાશ કરવા બદલ | રૂા.૧૦૦૦/– |

જણાવેલ સમય મર્યાદામાં ઈજારદાર દંડ ભરવામાં નિષ્ફળ જશે તો ત્યારબાદ વાર્ષિક ૧૮% લેખે સાદા વ્યાજ સહિત નાણા વસુલ કરવામાં આવશે.

(૨૨) પે એન્ડ પાર્કના પરવાના ફી ની રકમ ઉપરાંત રાજય સરકારના નકકી થયેલા ચાર્જ કે વખતોવખત લાગુ પડતા જે તે કાયદા હેઠળ નકકી થતા ચાર્જ કે સરકારી/અર્ધસરકારી ટેક્ષ/ચાર્જ/ફી/વેરા/GST ભરવાપાત્ર થતા તમામ વેરા આપવાની જવાબદારી ઈજારદારની રહેશે. ઉપરોકત ઈજારાની મુદત પુરી થયા બાદ પણ જો સરકારશ્રી / મહાનગરપાલિકા તરફથી આવું લેણું નીકળતુ હશે તો સુરત મહાનગરપાલિકા ઈજારદાર પાસેથી તેવુ લેણુ વસુલ લેવા હકકદાર રહેશે.

(૨૩)ઈજારદારે પે એન્ડ પાર્કમાં નકકી કરેલ વાહનો નિયત થયેલ પાર્કિંગ વિસ્તારમાં જ પાર્ક કરાવવાના રહેશે તેમજ પે એન્ડ પાર્ક વિસ્તારમાં ''વાહન ચાલકે પોતાના ખર્ચે અને જોખમે વાહન પાર્ક કરવું'' (Park at vehicle's owner's risk) તેવું બોર્ડ પ્રદર્શીત કરવાનું રહેશે.

(૨૪) ઈજારદારની જવાબદારી ''પે એન્ડ પાર્ક'' માં નિયત સ્થળે વાહન પાર્ક કરાવવાની છે. પાર્કિંગની જગ્યામાં પ્રવેશ/નિકાસ માટે નકકી કરવામાં આવેલ અંદર / બહાર જવાના માર્ગનો જ ઉપયોગ વાહન પાર્કિંગ માટે કરવાનો રહેશે. ટ્રાફીકના નિયમનો ભંગ ન થાય તથા ''નો–પાર્કિંગ ઝોન'' માં વાહનો પાર્ક કરવામાં ન આવે તેની વાહનચાલકે તકેદારી રાખવાની રહે છે. પાર્કિંગની જગ્યામાં વાહન લાવતી વખતે, વાહન પાર્કિંગ કરવામાં આવ્યુ હોય ત્યારે પાર્કિંગની જગ્યામાંથી વાહન બહાર કાઢતી વખતે ટ્રાફીક / દબાણ નાં તમામ નિયમોનું વાહનચાલકે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. ખોટી રીતે વાહન ચલાવવા / પાર્ક કરવા બદલ જો વાહનોને નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે. મહાનગરપાલિકા કોઈપણ રીતે જવાબદાર રહેશે નહિ. વધુમાં, આવા સંજોગોમાં જો સક્ષમ સત્તા ધ્વારા દંડ કરવામાં આવે, અગર તો ટ્રાફીક, આર.ટી.ઓ., મહાનગરપાલિકાના ઝોન / દબાણ ખાતા અગર તો અન્ય કોઈ સક્ષમ સત્તા ધ્વારા વાહન જપ્ત (detain) કરી લેવામાં આવે, તો તે અંગે ઈજારદારને કસુરવાર ઠરાવી શકાશે નહિ પરંતુ તેની જવાબદારી વાહન ચાલક / માલિકની રહેશે.

(૨૫) ઈજારદાર તરફથી સાઈટ ઉપર જે માણસો રોકવામાં આવે તે અંગે રાજય સરકાર, કેન્દ્ર સરકાર, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના તમામ લાગુ પડતા નીતિ નિયમોનું કાયદાની મર્યાદામાં રહી પાલન કરવાનું રહેશે. ઈજારદારે સ્થળ ઉપર રોકેલ માણસોને લઘુત્તમ વેતનથી ઓછો પગાર આપી શકાશે નહીં. જો ઈજારદાર તરફથી આવા કોઈ પણ નીતિ નિયમ કાયદાનું પાલન થાય નહિં / ઉલ્લંઘન થશે, તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે અને સુરત મહાનગરપાલિકાને એવા ઉલ્લંઘન માટે કોઈ પણ રીતે જવાબદાર ઠેરવી શકાશે નહીં.

(૨૬) સુરત મહાનગરપાલિકા ધ્વારા પે એન્ડ પાર્કની કામગીરી માટે ફાળવવામાં આવેલ જગ્યા ઉપર ઈજારદારને સુરત મહાનગરપાલિકા ધ્વારા ફકત ઈજારો / પરવાનો / લાયસન્સ આપવામાં આવશે. સદર કામગીરી મેળવવા તથા પે એન્ડ પાર્કનું સંચાલન કરવા બાબત કેન્દ્ર સરકાર / રાજય સરકાર / સ્થાનિક સ્વરાજયની સંસ્થાના લાગુ પડતા કાયદાઓ મુજબ જે કાંઈ અન્ય લાયસન્સ / પરવાનગી / મંજુરી લેવાની થતી હોય, તો તે ઈજારદારે પોતાના ખર્ચે અને જોખમે સંબંધિત ખાતાઓ / વિભાગોમાં અરજીઓ કરી મેળવવાના રહેશે. તે અંગેની સઘળી જવાબદારી ઈજારદારની રહેશે.

(૨૭) ઓફરનો વેલીડીટી પીરીયડ ભાવપત્રક ખોલ્યાની તારીખ થી ૧૨૦ (એકસો વીસ) દિવસ સુધીનો રહેશે.

(૨૮) ફોર્સ મેજર કલોઝ : કોઈપણ પ્રકારના કુદરતી કે માનવસર્જીત આફત (Disaster) ના કારણે જેવા કે પુર, ધરતીકંપ, વાવાઝોડુ વિગેરે, અગર તો કોઈપણ પ્રકારનાં અકસ્માત / હુમલા / હિંસાખોરી, જેવા કે આગ, મિલ્કત પડવી, ટોળા શાહી પથ્થરમારો, સાંપ્રદાયીક તોફાનો વિગેરેના કારણે પાર્કિંગમાં મુકવામાં આવેલ વાહનોને નુકશાન થાય નહી તે બાબતે શકય થાય તેટલી તકેદારી રાખવી. તેમ છતાં જો વાહનોને નુકશાન થાય તો આવા કાબુ બહારના સંજોગોના કારણે નુકશાનીની જવાબદારી ઈજારદારની કે સુરત મહાનગરપાલિકાની રહેશે નહિ.

(૨૯) પે એન્ડ પાર્કના પાર્કિંગ વિસ્તારમાં નીચે મુજબના નિયત કરેલ વાહનો પાર્ક કરાવવાના રહેશે.

➢ સરકારશ્રીનાં ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૧૮/સીએમ–૪૧૯/પી, તા.૦૫/૧૨/૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ "પાર્કિંગ પોલીસી એન્ડ પાર્કિંગ બાયલોઝ" મુજબ પાર્કિંગનાં દર

**<u>ઓફ સ્ટ્રીટ – પ્રીમીયમ એરીયા</u>**

| **On and Off Street Parking - All Areas** | | | | | |
|---|---|---|---|---|---|
| | **0 to 3 hours** | **3 to 6 hours** | **6 to 9 hours** | **9 to 12 hours** | **12 to 24 hours** |
| **2 - wheelers (Rate In Rupees)** | 10 | 15 | 20 | 25 | 40 |

| **Off Street Parking - Premium Areas** | | | | |
|---|---|---|---|---|
| | **0 to 6 hours** | **6 to 12 hours** | **12 to 18 hours** | **18 to 24 hours** |
| **3 - wheelers (Rate In Rupees)** | 20 | 30 | 45 | 65 |

| | | | | |
|---|---|---|---|---|
| **Cars (Rate In Rupees)** | 25 | 40 | 60 | 90 |
| **LCV (Rate In Rupees)** | 35 | 60 | 80 | 110 |
| **HCV (Rate In Rupees)** | 75 | 110 | 165 | 250 |

(૩૦) પે એન્ડ પાર્ક માં વાહનો સાચવવા જરૂરીયાત મુજબ સીકયોરીટી સ્ટાફની વ્યવસ્થા ઈજારદારે પોતાના ખર્ચે કરવાની રહેશે.

(૩૧) જ્વલનશીલ / વિસ્ફોટક અગર કાયદા ધ્વારા પ્રતિબંધિત ચીજ વસ્તુ પાર્કિંગમાં રાખવામાં આવેલ વાહનમાં રાખી શકાશે નહિ. તે અંગે થનાર નુકશાનની / કાયદેસરની કાર્યવાહીની જવાબદારી ઈજારદારની કે સુરત મહાનગરપાલિકાની રહેશે નહી.

(૩૨) આ કામે કોઈપણ પ્રકારના દાવા પ્રકરણો સુરત શહેર તાબાની નામદાર કોર્ટના હકુમતક્ષેત્રને આધિન રહેશે. (Subject to Surat Jurisdiction)

(૩૩) ઈજારદાર પોતાનો ઈજારો / પરવાનો બીજા પેટા ઈજારદારને તબદીલ કરી શકશે નહી. જો તેમ કરેલ જણાશે તો ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત કરવા માટેની તથા ટેન્ડર શરતો મુજબ કાયદેસરની કાર્યવાહી કરી કાળી યાદીમાં મુકવા સુધીની કાર્યવાહી કરી શકાશે.

(૩૪) કેન્દ્ર સરકારનાં કાયદા અનુસાર નિયત કરેલ દરે લાયસન્સ ફી ઉપર " જી.એસ.ટી. " ભરવાનો રહેશે. સરકારશ્રી ધ્વારા વખતોવખત લાગુ કરેલ કર ભરવાનો રહેશે.

-SD-

કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
સુરત મહાનગરપાલિકા

**ઉકત તમામ શરતો મેં વાંચી છે અને મને કબુલ મંજુર છે.**

**------------------------------ ટેન્ડરરની સહી તથા સિકકો**

**તારીખ:**

આથી હું ........................................................................................................ ઉપર જણાવેલ તમામ શરતોને આધિન અને દર્શાવેલ માસમાં કુલ –૦૬(છ) દિવસ માટે પે એન્ડ પાર્કનો ઈજારો ચલાવવા માટે રૂા................................. (અંકે રૂપિયા .................................. ........................................... પુરા) ની ઓફર કરું છું. તેમજ આ કામ અંગે વખતો વખત મહાનગરપાલિકા તરફથી જણાવવામાં આવે તે સુચનો/શરતોનું પાલન કરવા હું લેખિત સંમતિ આપુ છું.

ઈજારદારનું નામ :.....................................................................................

સહી અન સિકકો :.....................................................................................

સરનામું :.....................................................................................

.....................................................................................

તારીખ :.....................................................................................

-SD-

કાર્યપાલક ઈજનેર,
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન,
સુરત મહાનગરપાલિકા